Regd. R.N.I. No. : GUJGUJ/18009

# ન્યૂઝ ક્લીક

News Click Weekly – સાપ્તાહિક

Year : 1 • Issue :38• Date : 08-02-2024 • Page - 4 • Yearly Subscription : Rs. 50/- • Rs. 1-00 • E-mail : newsclick@gmail.com

Office: C-3, 2nd Floor, City Point Complex, Opp. New Collector Office, Junagadh, Gujarat • Editor : Vijyaben V. Sisodiya • Mo. 98790 84567

## દેશમાં મફત સારવાર અને અનાજ મળતાં રહેશે : મોદી



નવી દિલ્હી, તા.૭

વડાપ્રધાન મોદીએ કહ્યું કે, લોકોનું જીવન સુધારવું અમારો પ્રયાસ છે. ૫ લાખ સુધીની મફત સારવાર મળતી રહેશે. અનાજ મફત મળતું રહેશે. વિકાસની ગતિ ધમી નહીં પડવા દઈએ. વડાપ્રધાન મોદીએ કહ્યું કે, આજે પણ મારો મંત્ર છે કે દેશના વિકાસ માટે રાજ્યનો વિકાસ. આપણે રાજ્યોના વિકાસથી દેશનો વિકાસ કરી શકીશું. હું તમને વિશ્વાસ અપાવું છું કે રાજ્ય જો એક ડગલું ચાલે છે તો અમે બે ડગલા ચાલીશું. હું તો હંમેશા કહું છું કે, આપણા રાજ્યો વચ્ચે સકારાત્મક વિચાર સાથે ચાલવાની જરૂર છે. વડાપ્રધાન મોદીએ કહ્યું કે, કોરોનામાં દુનિયા પર આટલું મોટું સંકટ આવ્યું. તેવા સંકટ સમયમાં મેં રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે ૨૦ બેઠક કરી. એક-એક વાત વિચાર કરીને સાથે લઈને તમામ રાજ્યોના સહયોગથી કેન્દ્ર અને રાજ્યએ કામ કર્યું. દુનિયા જે મુસીબત સહન નહોતી કરી શકતી, તેને આપણે મળીને દેશને બચાવવા માટે જે થઈ શકતું હતું તે કર્યું. રાજ્યોને પણ તેનો શ્રેય લેવાનો પૂર્ણ અધિકાર છે.

રાહુલ ગાંધી સામે નિશાન તાકતાં પીએમ મોદીએ કહ્યું કે તેમણે તેમના યુવરાજને એક સ્ટાર્ટઅપ બનાવીને આપ્યું છે. હાલ તે નોન સ્ટાર્ટર છે. ન તો લિફ્ટ થઇ રહ્યાં છે, ન તો લોન્ચ થઇ રહ્યાં છે. પીએમ મોદીએ કહ્યું કે સરકારી કંપનીઓ અંગે અમારા પર કેવા કેવા આક્ષેપો કરવામાં આવ્યા? કોઈપણ આધાર વગરના. માત્ર આક્ષેપો કર્યા. મારુતિના સ્ટોક સાથે શું થઈ રહ્યું હતું તે દેશને યાદ છે. મારો જન્મ આઝાદ ભારતમાં થયો છે, મારા વિચારો પણ આઝાદ છે અને મારા સપના પણ આઝાદ છે. જેઓ ગુલામીની માનસિકતાને જીવે છે તેમની પાસે બીજું કંઈ નથી. તે એ જ જૂના કાગળો લઈને ફરતા રહે છે. કોંગ્રેસે કહ્યું કે અમે પીએસયુને ડૂબાડી દીધા. યાદ રાખજો કે બીએસએનએલઅને MTNL ને ડૂબાડનારા લોકો કોણ છે. એચએએલની દુર્દશાનું કારણ શું હતું? ચૂંટણી લડવાનો એજન્ડા નક્કી કરવામાં આવતો હતો. આ સ્થિતિ કોણે સર્જી? કોંગ્રેસ અને યુપીએ ૧૦ વર્ષની બરબાદીથી આંખ આડા કાન ન કરી શકે.

કોંગ્રેસ પર પ્રહાર કરતા મોદીએ કહ્યું કે જે બીએસએનએલને તમે બરબાદ કરીને છોડી દીધું હતું તે આજે મેડ ઈન ઈન્ડિયા ૪જી, ૫જીતરફ આગળ વધી રહી છે અને દુનિયાનું ધ્યાન પોતાની તરફ ખેંચી રહી છે. એચએએલમાટે તમે ઘણા ભ્રમ ફેલાવ્યા, આજે તે રેકોર્ડ ઉત્પાદન અને આવક પેદા કરી રહી છે. એશિયાની સૌથી મોટી હેલિકોપ્ટર મેન્યુફેક્ચરિંગ કંપની એચએએલકર્ણાટકમાં આવેલી છે. ક્યાં છોડી હતી અને હવે અમે તેને ક્યાં પહોંચાડી દીધી.

તેમણે કહ્યું કે તમે એલઆઈસીસંબંધિત કેવા કેવા નિવેદનો આપો છો? તેની સાથે આમ થઈ ગયું તેમ થઈ ગયું. જો કોઈ વસ્તુનો નાશ કરવો હોય તો અસત્ય ફેલાવો, ભ્રમ ફેલાવો. ગામમાં કોઈને મોટો બંગલો ખરીદવો હોય તો એવી અફવા ફેલાવવામાં આવે છે કે તે ભૂતિયા બંગલો છે. એલઆઈસીને લઈને પણ આવી અફવાઓ ફેલાવાઈ હતી. હું તમને છાતી ઠોકીને કહેવા માંગુ છું, આજે એલઆઈસીના શેર રેકોર્ડ સ્તરે ટ્રેડ થઈ રહ્યા છે.

યુપીએ સરકારમાં ૨૩૪ પીએસયુહતા, આજે ૨૫૪ પીએસયુછે. અમે ૨૦નો વધારો કર્યો છે અને આ લોકો અમારા પર પીએસયુવેચવાનો આરોપ લગાવે છે. મોટાભાગના પીએસયુરેકોર્ડ સ્તરે નફો આપી રહ્યા છે.

પીએમ મોદીએ કહ્યું, પીએસયુનો ચોખ્ખો નફો ૧.૨૫ લાખ રૂપિયા હતો. જે વધીને ૨.૫ લાખ કરોડ રૂપિયા થઈ ગયો છે. અમારા છેલ્લા ૧૦ વર્ષમાં પીએસયુની નેટવર્થ રૂ. ૯.૫ લાખ કરોડથી વધીને રૂ. ૧૭ લાખ કરોડ થઈ છે. પીએસયુબંધ કરવા અંગે ભ્રમ ફેલાવાયો. જ્યાં પણ તેમનો હાથ અડે તે ડૂબી જવાની શક્યતા વધી જાય છે. અમે સખત મહેનત કરીને અમારી પ્રતિષ્ઠા ઘણી વધારી છે. બજારમાં એવી હવા ન ફેલાવશો કે સામાન્ય રોકાણકારને નુકસાન થાય. વડાપ્રધાને કહ્યું કે, કોંગ્રેસે નેરેટિવ ફેલાવ્યું અને તેનું પરિણામ શું આવ્યું, ભારતમાં સંસ્કૃતિ અને સભ્યતાને માનનારાઓને હીન ભાવથી માનવામાં આવ્યા. આ પ્રકારે આપણા અતીત પ્રત્યે અન્યાયની નોબત આવી. આપણી જ માન્યતાઓને ગાળો આપે છે. જો તમે પોતાની જ સંસ્કૃતિને ગાળો આપો છો તો તમે પ્રોગેસિવ છો. આ પ્રકારના નેરેટિવ ઉભા કરાયા.

### ઈડીની મની લોન્ડરિંગ સંદર્ભે આપ સાથે સંકળાયેલાઓ સામે કાર્યવાહી

## ઈડીએ ભાજપની એક્સટેન્ડેડ બ્રાન્ચ છે: સંજય રાઉત

### આરએસએસબાદ જો ભાજપ કોઈના પર વિશ્વાસ કરે છે તો તે ઈડીછે, મહારાષ્ટ્ર, ઝારખંડ અને પશ્ચિમનો ઈડીએ જ ખેલ પાડ્યો હોવાનો આક્ષેપ

મુંબઈ,

ઈડીમની લોન્ડરિંગ તપાસ હેઠળ દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના અંગત સચિવ અને આમ આદમી પાર્ટી સાથે જોડાયેલા અન્ય લોકોના આવાસ સહિત લગભગ ૧૦ ઠેકાણે સર્ચ ઓપરેશન કરી રહી છે. હવે તેના પર ઉદ્ધવ ઠાકરે જૂથના સાંસદ સંજય રાઉતનું મોટું નિવેદન સામે આવ્યુ છે.

શિવસેના (યુબીટી)ના સાંસદ સંજય રાઉતે વડાપ્રધાન મોદી સામે નિશાન તાકતા કહ્યું કે, ઈડીએ ભાજપની એક્સટેન્ડેડ બ્રાન્ચ છે આરએસએસબાદ જો ભાજપ કોઈના પર વિશ્વાસ કરે છે તો તે ઈડીછે. મહારાષ્ટ્ર, ઝારખંડ અને પશ્ચિમનો ઈડીએ જ ખેલ પાડ્યો છે. અજિત પવાર વિશે તો વડાપ્રધાને પોતે કહ્યું હતું પરંતુ શું ત્યાં ઈડીપહોંચી? કેન્દ્રીય એજન્સીના અધિકારીઓ બિભવ કુમાર તથા દિલ્હી જલ બોર્ડના પૂર્વ સભ્ય શલભ કુમાર અને અન્ય કેટલાક લોકોના પરિસરમાં સર્ચ કરી રહ્યા છે.

ઈડીએ મની લોન્ડરિંગના એક કેસની તપાસ હેઠળ આજે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના અંગત સચિવ બિભવ કુમાર અને આમ આદમી પાર્ટી સાથે સંકળાયેલા કેટલાક લોકોના પરિસરમાં સર્ચ ઓપરેશન હાથ ધર્યું છે. સત્તાવાર સૂત્રોએ જણાવ્યું કે દરોડા હેઠળ રાષ્ટ્રીય રાજધાનીમાં લગભગ ૧૦ જેટલા ઠેકાણાની તલાશી કરવામાં આવી રહી છે. હજુ સુધી એ સ્પષ્ટ નથી થયું કે, આ સર્ચ મની લોન્ડરિંગ સંબંધિત હાલની તપાસના સંબંધમાં છે કે કોઈ નવા કેસ સાથે સંબંધિત છે. કેન્દ્રીય એજન્સીના અધિકારીઓએ બિભવ કુમાર અને દિલ્હી જલ બોર્ડના પૂર્વ સદસ્ય શલભ કુમાર, પાર્ટીના રાજયસભાના સભ્ય અને રાષ્ટ્રીય ખજાનચી એનડી ગુપ્તાના કાર્યાલય સહિત અન્ય લોકોના ઠેકાણા પર સર્ચ ઓપરેશન હાથ ધર્યું છે.

## કેજરીવાલના અંગત સચિવ-સાસંદના ૧૨ ઠેકાણા પર ઈડીના દરોડા

નવી દિલ્હી,

દિલ્હીમાં આમ આદમી પાર્ટીના મોટા નેતાઓને ત્યાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)ના અધિકારીઓએ દરોડા પાડ્યા છે. માહિતી અનુસાર મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના અંગત સચિવ બિભવ કુમાર તથા રાજ્યસભાના સાંસદ એન.ડી.ગુપ્તાના ઘર સહિત કુલ ૧૨ ઠેકાણે ઈડી દ્વારા આ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

જોકે સૂત્રોનું કહેવું છે કે મની લોન્ડરિંગના કેસમાં ઈડી દરોડાની કાર્યવાહી તો કરી રહી છે પણ આ મની લોન્ડરિંગનો કેસ કયો છે તેને લઈને હજુ સુધી કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી. સત્તાવાર સૂત્રો અનુસાર ઈડીએ મની લોન્ડરિંગના કેસમાં દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના અંગત સચિવ અને આમ આદમી પાર્ટી સાથે સંકળાયેલા અન્ય લોકોના ઠેકાણે દરોડાની કાર્યવાહી કરી હતી. હાલમાં વૉટર બોર્ડના પૂર્વ સભ્ય શલભ કુમાર ઉપરાંત કેટલાક અન્ય નેતાઓને ત્યાં પણ તપાસ ચાલી રહી છે.

## તંત્રી લેખ

# પીડા, દિવ્યાંગતા કે અધૂરપની મજાક ન હોય

કેન્સર અને એ પણ સ્ત્રીના જનનાંગના કેન્સરની મજાક કઈ રીતે ઉડાવી શકાય? કેન્સર જેવો ગંભીર, જીવલેણ અને પીડાદાયક રોગ વિષે જીવતેજીવ કે મર્યા પછી પણ એક શબ્દ ના બોલાવો જોઈએ. પણ શું થાય ? અમુક પૂનમ અંધારી પણ હોય છે. સર્વાઈકલ કેન્સરની જાગૃકતા માટે પોતાના જ મરવાના સમાચાર આપતી એક થર્ડ ગ્રેડ અદાકારા ચર્ચાનો વિષય બની અને રોષનો વિષય પણ બની. ના, આ લેખનો વિષય પૂનમ કે અમાસ નથી પરંતુ આપણી પરપીડન વૃત્તિ અને આપણી વિચાર્યા વગરની ભાષા છે. ભાષા બાબતે આપણે સજાગ પણ નથી અને તેની અસર બાબતે જ્યાં સુધી જાત પર ના વીતે ત્યાં સુધી કશું જ કરતા નથી. આપણે ક્યારેક કોઈ પણ વાતને ભાર આપીને કહેવા માંગીએ ત્યારે ઉદાહરણ આપવામાં અતિરેક થઇ જાય છે. રોજિંદા જીવનમાં બોલાતાં કેટલાક વિધાનો અહીં ટાંકુ છું, જેને સહેજ ધ્યાન દઈને વાંચશો તો ખ્યાલ આવશે કે આપણે કેટલી સાહજિકતા સાથે અન્યની અધૂરપ કે દુઃખને વધુ દર્દ આપીએ છીએ.

કઈ દેખાતું નથી, સાવ આંધળા જેવો છે .
એ ચાલતી હોય તો પીપડું ગબડતું લાગે.
વિરોધ પક્ષના ફલાણા નેતા તો પાગલ છે .
આની કરતાં તો લુલા-લંગડા સારા.
બોડી બામણીનું ખેતર છે કે બધા આવી જાય .
એનું જીવન તો સાવ વિધવા કેવું કોરું છે .

આવા અનેક દાખલા છે જે બોલવાથી બોલનારને રત્તીભર અસર થતી નથી પણ એ સંજોગો કે સ્થિતિથી પીડિત વ્યક્તિને લાચારીનો અનુભવ થાય છે. એક જન્મજાત પ્રજ્ઞાચક્ષુ વ્યક્તિ વિષે વિચારી તો જુઓ. જેને દેખાતું નથી. એક એવી સ્ત્રી જે તેના શરીરના કોઈ રોગને કારણે, જિનેટિકને કારણે કે હોર્મોનના કારણે વધુ પડતી મેદસ્વી બની ગઈ છે એને કોઈ તેના વિચારો અંગે, અન્ય સફળતા વિષે પહેલા ભાગ્યે જ વાત કરશે પરંતુ એને પૂરેપૂરું બોડી શેમિંગ થાય એવા તમામ શબ્દો આપણી ડિક્ષનરીમાં હાજર હોય છે. જીવનસાથીના મૃત્યુ બાદ જીવનના તમામ સંઘર્ષો એકલા હાથે લડતી સ્ત્રીને ★વિધવા ★ કહે એ ભાષાનો વિષય છે પરંતુ વૈધવ્યના ઉદાહરણ અપાય તે તદ્દન નીંદનીય બાબત છે. માનસિક રોગથી પીડિત વ્યક્તિને જયારે ગાંડો કહી ભેગા- ભેગા હસીએ છીએ ત્યારે ખરેખર તો એ ઠઠ્ઠા મશકરી આપણી સમજદારી અને માનસિકતાની છે. અધૂરા કે અવિકસિત અંગ સાથે જીવતા પરિવારોની પીડા મજાક અને મશ્કરી અથવા તુચ્છકાર વધારે છે.

ભારતમાં લોકસભા ચૂંટણી આંગણે આવીને ઊભી છે ત્યારે ગત ઈલેક્શન સમયે ઈલકેશન કમિશનર દ્વારા થયેલી એક અગત્યની ઘોષણા યાદ કરીએ. લોકસભાની ચૂંટણીના પ્રચારમાં નક્કી થયેલ સીમાંકનમાં ચૂંટણીપંચે માનસિક અસ્વસ્થતા માટે વપરાતા શબ્દોને પણ આચાર સંહિતામાં સામેલ કર્યા. ઈન્ડિયન સાઈકિયાટ્રીક સોસાયટીએ ઈલેક્શન કમિશનને વિનંતી પત્ર લખ્યો હતો, જેમાં લોકસંભાની ચૂંટણીના વિવિધ સમારંભો , બેનર, પુસ્તિકા, ભાષણ કે અન્ય કોઈ પણ જાહેરાત કે કોઈ પણ પ્રકારની અભિવ્યક્તિમાં દરેક પાર્ટીને માનસિક રોગી, માનસિક અસ્વસ્થ, ગાંડો, ગાંડાની હોસ્પિટલ, પાગલપન જેવા શબ્દો પર નિષેધ માટે અપીલ કરી. વિરોધપક્ષને નીચે દેખાડવા કે તેમની કોઈ પણ વિચારણાનો વિરોધ કરવો હોય એમાં આ શબ્દપ્રયોગ ના કરવો જોઈએ તેની સ્પષ્ટ સૂચના આપી છે. માનસિક રોગના તજજ્ઞાોની આ સંસ્થાના નિરીક્ષણ મુજબ રાજકારણી બહુ આસાનીથી વિરોધ પક્ષ અને તેમના ઉમેદવાર માટે માનસિક અસવસ્થ, માનસિક રોગી કે પાગલ જેવા વિશેષણોનો ઉપયોગ કરે છે. આમ જનતામાંથી ચૂંટણી માટે ઊભા રહેતા ઉમેદવાર સમાજનું એક જિમ્મેદાર અંગ છે એમના દરેક વિધાન અને નિવેદન મીડિયાના દરેક પ્રકારમાં કવર થાય આથી જ ચૂંટણીના નિયમ અને સીમાંકન તરીકે સત્વરે આ ભાષાપ્રયોગ માટે દરેક પક્ષને ચેતવણી આપવી જરૂરી છે. આઈપીએસના ચેરપરસન માનસિકરોગ નિષ્ણાંત ડો. બીએન રવીશ તથા ડો. સુરેશ મેથએ ચૂંટણીપંચને લેખિતમાં જણાવ્યું હતું કે, રાજકારણીઓ દ્વારા મજાક અને કટાક્ષમાં બોલાયલ ★પાગલ ★ મનોરોગી જેવા શબ્દો અમાનવીય અને ભેદભાવને પ્રોત્સાહન આપનારા છે, જે માનસિક રોગના દર્દી માટે વધુ કલંકરૂપ છે. સમગ્ર વિશ્વમાં વિવિધ વિકલાંગતા ધરાવતા વ્યક્તિના સંબોધન માટે ચર્ચા અને કાયદા ઘડાય છે. ભારતમાં પણ આરોગ્ય ક્ષેત્રે અને ખાસ કરીને વિકલાંગતા ક્ષેત્રે કાર્ય કરતા વ્યવસાયિકો અને સમાજસેવી સંસ્થાઓ ભાષા અને સંબોધન માટે ખાસ્સા સંવેદનશીલ છે.

## UAEના પ્રથમ હિંદુ મંદિરનું કરશે ઉદ્ઘાટન

# BAPSના મહંત સ્વામી મહારાજ અબુ ધાબી પહોંચ્યા

### તેની ઊંચાઈ ૧૦૮ ફૂટ છે, જેમાં ૪૦ હજાર ક્યુબિક મીટર માર્બલ અને ૧૮૦ હજાર ઘન મીટર સેન્ડસ્ટોનનો સમાવેશ થાય છે



નવી દિલ્હી,

બોચાસણવાસી અક્ષર પુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા (બીએપીએસ)ના વડા મહંત સ્વામી મહારાજ અબુ ધાબી પહોંચ્યા હતા. બીએપીએસ સંસ્થાએ જણાવ્યું હતું કે મહંત સ્વામી મહારાજ સ્ટેટ ગેસ્ટ તરીકે અબુ ધાબી પહોંચ્યા હતા. તેઓ યુએઈના પ્રથમ હિંદુ મંદિરનું ઉદ્ઘાટન કરશે. અરબી શૈલીમાં તેમનું અહી સ્વાગત કરવામાં આવ્યું હતું. નોંધનીય છે કે સંયુક્ત આરબ અમીરાતની રાજધાની અબુધાબીમાં પ્રથમ પરંપરાગત હિન્દુ મંદિરનું ઉદ્ઘાટન કરાશે. BAPS સંસ્થાનું મંદિર UAEનું સૌથી મોટું મંદિર હશે. આ મંદિર ખૂબ જ સુંદર છે અને પથ્થરોમાંથી બનેલા આ મંદિર પર ખૂબ જ સારી કોતરણી પણ કરવામાં આવી છે. આ મંદિરનું ઉદ્‌ઘાટન ૧૪મી ફેબ્રુઆરીએ થવા જઈ રહ્યું છે, જેમાં BAPS સ્વામિનારાયણ સંસ્થાના વર્તમાન આધ્યાત્મિક ગુરુ, પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉપસ્થિત રહેશે. આ મંદિર ૧૮ ફેબ્રુઆરીથી સામાન્ય લોકો માટે ખોલવામાં આવશે. હાલમાં જ આ મંદિરની તસવીરો સામે આવી છે જે ખૂબ જ સુંદર છે. UAEમાં બનેલા હિન્દુ મંદિરનું નામ BAPS હિન્દુ મંદિર છે, જેનું નિર્માણ સ્વામિનારાયણ સંસ્થા BAPS દ્વારા કરવામાં આવ્યું છે. આ મંદિર ૨૭ એકર જમીન પર બનેલું છે, જે UAEના રાષ્ટ્રપતિ શેખ મોહમ્મદ બિન જાયદ અલ નાહયાન દ્વારા દાનમાં આપવામાં આવી હતી. UAEમાં બની રહેલા મંદિરનું કામ પૂર્ણ થઈ ગયું છે, આ મંદિરની ડિઝાઈન વર્ષ ૨૦૧૮માં બનાવવામાં આવી હતી અને વર્ષ ૨૦૧૯માં તેનો શિલાન્યાસ કરવામાં આવ્યો હતો. આ મંદિર ભારતના કારીગરો દ્વારા બનાવવામાં આવ્યું છે. તેની ઊંચાઈ ૧૦૮ ફૂટ છે, જેમાં ૪૦ હજાર ક્યુબિક મીટર માર્બલ અને ૧૮૦ હજાર ઘન મીટર સેન્ડસ્ટોનનો સમાવેશ થાય છે. આ મંદિર બનાવવા માટે વૈદિક સ્થાપત્યનો ઉપયોગ કરવામાં આવ્યો છે. મંદિરમાં પ્રવેશતા જ સૌ પ્રથમ ધ્યાન આકર્ષિત કરે છે તે સાત અમીરાતની રેતીમાંથી બનાવેલ પ્રભાવશાળી ટેકરાની રચના છે. મંદિરમાં આવવાની સાથે સાથે એક ખૂબ જ આકર્ષક ધોધ પણ બનાવવામાં આવ્યો છે.

## કંપનીને ૨૪ મહીનાનો સમય આપવામાં આવ્યો છે

# અમદાવાદના ગુલબાઈ ટેકરા ઝુપડપટ્ટી વિસ્તારની કાયાપલટ થશે

### આ કામ માટે એક મોટી કંપનીને કરોડો રુપિયાનું ટેન્ડર પણ આપી દેવામાં આવ્યુ છે

અમદાવાદ, તા.૭

અમદાવાદમાં હોલિવુડના નામથી જાણીતા સ્લમ વિસ્તારની કાયાપલટ થવા જઈ રહી છે.આ વિસ્તારને ઝુપડપટ્ટીમાંથી બદલી દેવામાં આવશે અને તેનો વિકાસ કરવામાં આવશે. આ કામ માટે એક મોટી કંપનીને કરોડો રુપિયાનું ટેન્ડર પણ આપી દેવામાં આવ્યુ છે.

અમદાવાદમાં હોલિવુડના નામથી જાણીતા સ્લમ વિસ્તારની કાયાપલટ થવા જઈ રહી છે.આ વિસ્તારને ઝુપડપટ્ટીમાંથી બદલી દેવામાં આવશે અને તેનો વિકાસ કરવામાં આવશે. આ કામ માટે એક મોટી કંપનીને કરોડો રુપિયાનું ટેન્ડર પણ આપી દેવામાં આવ્યુ છે. અમદાવાદમાં ગુલબાઈ ટેકરા નામના વિસ્તારને હોલિવુડના નામથી ઓળખવામાં આવે છે.ગુલબાઈ ટેકરા વિસ્તારમાં હજારોની સંખ્યામાં લોકો રહે છે. આ એક સ્લમ વિસ્તાર છે. અહીં મોટી સંખ્યામાં લોકો ઝુપડપટ્ટી બાંધીને રહે છે, અહીંના લોકોનો મુખ્યત્વે વ્યવસાય મૂર્તિઓ બનાવવાનો છે. માત્ર ૨૪ જ મહીનામાં આ વિસ્તારની સંપૂર્ણ કાયાપલટ થઈ જશે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આ વિસ્તારના કાયાપલટ કરવા માટે નીલા ઈન્ફ્રાસ્ટ્રકચર નામની કંપનીને ટેન્ડર આપવામાં આવ્યુ છે. AMCએ અમદાવાદના આ ઝુપડપટ્ટી વિસ્તારના લોકોને પુનર્વસન કરાવીને અહીં બાંધકામ કરવાનું કામ કંપનીને સોંપ્યુ છે. વિકાસનું આ કામ નીલા ઈન્ફ્રાસ્ટ્રકચર કંપનીને ૯૯.૦૮ કરોડ રુપિયામાં આવ્યુ છે. આ કંપની દ્વારા અહીં રહેણાંક મકાનો અને કોમર્શિયલ દુકાનો બનાવવામાં આવશે. નીલા ઈન્ફ્રાસ્ટ્રકચર કંપની દ્વારા ગુલબાઈ ટેકરા વિસ્તારમાં ૮૫૪ રહેણાંક મકાન અને ૧૦ જેટલી કોમર્શિયલ શોપ બનાવવામાં આવશે. આ કામ પુરુ કરવા માટે આ કંપનીને ૨૪ મહીનાનો સમય આપવામાં આવ્યો છે.

### અમદાવાદના બજેટમાં ૧૪૬૧ કરોડનો વધારો થયો

# અમદાવાદ મહાનગરપાલિકાનું વર્ષ ૨૦૨૪-૨૫નું બજેટ રજૂ કરાયું

અમદાવાદ,

અમદાવાદ મહાનગરપાલિકાનું વર્ષ ૨૦૨૪-૨૫નું બજેટ રજૂ કરાયું છે. ૧૨ હજાર ૨૬૨.૮૩ કરોડનું બજેટ રજૂ કરાયું છે. અમદાવાદના બજેટમાં ૧૪૬૧ કરોડનો વધારો થયો છે. બજેટમાં ખાસ કોઈ વધારો કે જોગવાઈ મૂકવામાં આવી નથી. એકદમ સરળ બજેટ રજૂ કરવામાં આવ્યું છે.રજૂ થયેલા બજેટ મુજબ એસજી હાઈવે ઉપર ખૂબ જ મોટું લોટસ ગાર્ડન બનાવવામાં આવશે. કમળની થીમ પર આધારિત આ વિવિધ રાજ્યોના ફૂલોની પ્રતિકૃતિ વાળું ગાર્ડન બનશે. ગાર્લેન્ડ ઓફ ઈન્ડિયા નામ આપવામાં આવ્યું છે. ફ્લાવર શોને જે રીતે પ્રતિસાદ મળ્યો છે તેને લઈને હવે શહેરીજનોને આ અદ્યતન ગાર્ડન મળશે. ધાર્મિક સંસ્થાઓના ટ્રસ્ટની પ્રાથમિક સુવિધાઓ માટે ૨૫ કરોડ ફાળવવામાં આવ્યા છે.

શહેરમાં ફૂડની એક અદ્યતન લેબોરેટરી બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ચીજવસ્તુઓ ઉપરાંત હવે ફળ અને શાકભાજીઓનું પણ ટેસ્ટિંગ કરવામાં આવશે. જો કેમિકલયુક્ત કોઈ પણ હશે તો તેની તરત માહિતી મળી રહેશે. મીઠાખળી ખાતે બે ટાવરના એક અર્બન હાઉસ આમાં આવશે.

મ્યુનિસિપલ કોર્પોરેશનને નાગરિકો દ્વારા ચૂકવવામાં આવતા પ્રોપર્ટી ટેક્સમાં અગાઉ ૧૦ ટકા રિબેટ આપવામાં આવતું હતું. જેમાં ૧૨ ટકા રિબેટ આપવામાં આવશે. જે નાગરિકો એડવાન્સ ઓનલાઈન ટેક્સ ચૂકવશે તેમાં એક ટકા ઓનલાઇન એમ ૧૩ ટકા રીબેટ આપવામાં આવશે. જે ટેક્સ ધારકે સળંગ ત્રણ વર્ષ એડવાન્સ ટેક્સ ચૂકવે તેને વધુ બે ટકા અને ઓનલાઈન ૧ ટકા આમ કુલ ૧૫ ટકા રીબેટ આપવામાં આવશે. એપ્રિલ મહિનાથી વર્ષ ૨૦૨૪-૨૫ના વર્ષ માટે એડવાન્સ ટેક્સની સ્કીમ મૂકવામાં આવશે. જો કે વિપક્ષે બજેટને વિપક્ષે ૧૦માંથી ૧ માર્ક જ આપ્યો છે. વિપક્ષનું કહેવું છે કે, ભાજપના રાજમાં શહેર સ્વચ્છતાના ક્રમમાં નીચે ઉતરી રહ્યું છે. સ્વાસ્થ્યની બાબતમાં પણ શાસકો નિષ્ફળ ગયાનો આરોપ લગાવ્યો છે

# મૌલાના મુફ્તી સલમાન અઝહરીને જૂનાગઢની કોર્ટમાં રજૂ કરાયો

જૂનાગઢ,

જૂનાગઢમાં એક કાર્યક્રમમાં કથિત રીતે ઉશ્કેરણીજનક ભાષણ આપનાર ઈસ્લામિક ઉપદેશક મૌલાના મુફ્તી સલમાન અઝહરીની સોમવારે મુંબઈના ઘાટકોપરમાંથી ધરપકડ કરવામાં આવી હતી. જૂનાગઢ પોલીસ અને ગુજરાતની એન્ટી ટેરરીસ્ટ સ્ક્વોડ (એટીએસ) દ્વારા ધરપકડ કરાયેલા મુફ્તી સલમાન અઝહરીને કડક સુરક્ષા વચ્ચે જૂનાગઢ લાવવામાં આવ્યો હતો. આજે મુફ્તી અઝહરીને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો.

સાથે જૂનાગઢના સંવેદનશીલ વિસ્તારોમાં પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. ૩૧મી જાન્યુઆરીએ જૂનાગઢ ખાતે મુસ્લિમ સમાજના વ્યસનમુક્તિ માટેના કાર્યક્રમ અને જાહેર સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સભામાં વક્તા તરીકે મુંબઈના મૌલાના મુફ્તિ સલમાન અઝહરીને બોલાવાયા હતા. તેમણે પોતાના વક્તવ્ય દરમિયાના ઉપસ્થિત ટોળાને ઉશ્કેરવાના પ્રયાસ કર્યા હતા. તેમના ભડકાઉ ભાષણના કેટલાક અંશો તરત જ વાયરલ થયા હતા આ વીડીઓ વાયરલ થતાં જ જૂનાગઢ પોલીસ હરકતમાં આવી હતી. પોલીસે આ કાર્યક્રમના આયોજકોની ધરપકડ કરી હતી અને સલામન અઝહરીને ઝડપી લેવા માટે ચક્રો ગતિમાન કર્યા હતા. કેસની ગંભીરતા જોતાં ગુજરાત એટીએસ પણ હરકતમાં આવી હતી. એટીએસની ટીમ મુંબઈ પહોંચી ગઈ હતી અને મહારાષ્ટ્ર એટીએસ તથા સ્થાનિક પોલીસની મદદથી સલમાન અઝહરીના ઘાટકોપર ખાતેના નિવાસ સ્થાને પહોંચી તેની અટક કરી લીધી હતી.

### મહુવા માર્કેટિંગ યાર્ડમાં વિવિધ જણસીની આવક થઈ હતી

# મહુવા માર્કેટિંગ યાર્ડમાં ડુંગળીની બમ્પર આવક

### માર્કેટિંગ યાર્ડમાં લાલ ડુંગળીના ૬૮,૦૦૦ કટ્ટાની આવક થઈ હતી, લાલ ડુંગળીનાં એક મણનાં ભાવ ૨૬૮ રૂપિયા ભાવ રહ્યાં છે



ભાવનગર,

ભાવનગરમાં આવેલું મહુવા માર્કેટ યાર્ડ જણસીઓના વેચાણ માટે સૌથી વિશ્વસનીય સ્થળ બન્યું છે. ૦૬ ફેબ્રુઆરીના રોજ મહુવા માર્કેટ યાર્ડ ખાતે વિવિધ જણસીની આવક નોંધાઈ હતી. ભાવનગર માર્કેટ યાર્ડ ખાતે એરંડા, જુવાર, બાજરી, શીંગ, ઘઉં, મકાઈ, અડદ, મગ, ધાણા, સોયાબીન, ચણા, સફેદ અને કાળા તલ, તુવેર, લાલ અને કાળી ડુંગળી, નાળિયેરની આવક નોંધાઈ હતી. ૦૬ ફેબ્રુઆરીના રોજ કુલ ૧૬ જણસીઓની આવક નોંધવામાં આવી હતી. ભાવનગર જિલ્લો ડુંગળીના વાવેતરમાં ગુજરાતમાં સૌથી મોખરે છે. આ વર્ષે પણ ભાવનગર જિલ્લામાં ડુંગળીનું સૌથી વધારે વાવેતર કરવામાં આવ્યું છે.

ખાસ કરીને મહુવામાં ડુંગળીના ડિહાઇડ્રેશનના કારખાનો હોવાથી મહુવા માર્કેટિંગ યાર્ડમાં ડુંગળીની મોટા પ્રમાણમાં આવક થઈ રહી છે. ભાવનગર મહુવા માર્કેટિંગ યાર્ડમાં ૦૬ ફેબ્રુઆરી ના રોજ લાલ ડુંગળીના ઢગલા થયા હતા. મહુવા માર્કેટિંગ યાર્ડમાં સફેદ ડુંગળીના ૪૭,૪૦૯ કટ્ટાની આવક થઈ હતી અને સફેદ ડુંગળીના ભાવ ૨૧૫ રૂપિયાથી લઈને ૩૧૯ રૂપિયા સુધીના બોલાયા હતા. માર્કેટિંગ યાર્ડમાં લાલ ડુંગળીના ૬૮,૦૦૦ કટ્ટાની આવક થઈ હતી. પ્રતિ એક મણના ભાવ ૧૧૧ રૂપિયાથી લઈને ૨૬૮ રૂપિયા સુધી નોંધાયા હતાં. ૦૬ ફેબ્રુઆરીના રોજ મહુવા માર્કેટ યાર્ડમાં ચણાની હરાજી કરવામાં આવી હતી. જેમાં એક મણના નીચા ભાવ ૯૦૨ રૂપિયા રહ્યા હતા અને ઊંચા ભાવ ૧,૨૦૦ રૂપિયા સુધી રહ્યા હતા.

માર્કેટિંગ યાર્ડમાં ઘઉં ની હરાજી કરવામાં આવી હતી. પ્રતિ એક મણના ભાવ ૪૯૦ થી લઈને ૭૨૬ રૂપિયા સુધીના નોંધાયા હતા. આ ઉપરાંત, બાજરીની હરાજી કરવામાં આવી હતી. બાજરી ના પ્રતિ એક મણના નીચા ભાવ ૪૨૬ રૂપિયા રહ્યા હતા અને ઊંચા ભાવ ૫૨૬ રૂપિયા સુધીના નોંધાયો હતો. માર્કેટિંગ યાર્ડમાં સફેદ તલના ૨,૬૦૦ રૂપિયાથી લઈને ૨,૭૦૧ રૂપિયા સુધીના ભાવ નોંધાયા હતા. યાર્ડમાં કપાસના ૧૧૭ ગાસડીની આવક થઈ હતી. જેના પ્રતિ એક મણના ભાવ ૯૩૦ રૂપિયાથી લઈને ૧,૨૨૬ રૂપિયા સુધીના નોંધાયા હતા. યાર્ડમાં લીલા નારિયેળના ૧૬,૩૫૫ નંગની આવક થઈ હતી. ૧૦૦ નંગના નીચા ભાવ ૪૯૦ રૂપિયા રહ્યાં હતાં. ઊંચા ભાવ ૧,૭૬૨ રૂપિયા સુધી નોંધાયા હતાં. યાર્ડમાં સોયાબીનના ૨૮ કટ્ટાની આવક થઈ હતી. એક મણના ભાવ ૭૭૬ રૂપિયાથી લઈ ૮૫૧ રૂપિયા સુધી નોંધાયા હતાં.

# મુસ્લિમમાં દત્તક બાળકને પણ સંપત્તીમાં સંપૂર્ણ અધિકાર

નવી દિલ્હી,

દિલ્હીની એક કોર્ટે મુસ્લિમ પરિવારમાં બાળકને દત્તક લેવા પર અને સંપત્તિ પર તેના અધિકાર અંગે મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. વિભાજનના એક કેસને ફગાવી દેતા કોર્ટે કહ્યું કે, મુસ્લિમ સમુદાયની કોઈપણ વ્યક્તિ શરિયત એક્ટ હેઠળ કોઈ પણ ઘોષણા કર્યા વિના બાળકને દત્તક લઈ શકે છે અને તે બાળકનો સંપત્તિ પર સંપૂર્ણ અધિકાર રહેશે. એડિશનલ ડિસ્ટ્રિક્ટ જજ પ્રવીણ સિંહે નિર્ણય સંભળાવવા દરમિયાન કહ્યું કે, આવું કોઈપણ બાળકને દત્તક લેવું સામાન્ય કાયદા દ્વારા માન્ય ગણાશે નહીં કે મુસ્લિમ પર્સનલ લો અથવા શરિયત કાયદા દ્વારા નહીં. એક અહેવાલ પ્રમાણે કોર્ટ દ્વારા કહેવામાં આવ્યું કે, આ બાળક દત્તક લેનારા માતા-પિતાનું કાયદેસર બાળક બની જશે. જિલ્લા અદાલત મૃતક મુસ્લિમ વ્યક્તિ ઝમીર અહેમદના ભાઈ ઈકબાલ અહેમદ દ્વારા દાખલ કરવામાં આવેલ વિભાજનના કેસની સુનાવણી કરી રહી હતી. ઝમીરે એક પુત્ર દત્તક લીધો હતો પરંતુ ઈકબાલનું કહેવું છે કે, શરિયતના કાયદા પ્રમાણે તેના ભાઈનો કોઈ પુત્ર નથી. આવી સ્થિતિમાં સંપત્તિ પર તેના લોહીના સંબંધો વાળા પરિવારનો સંપત્તિ પર અધિકાર હોવો જોઈએ.

# અમદાવાદ એરપોર્ટમાં એરસ્ટ્રીપ નજીકથી રમકડાંનું ડ્રોન મળ્યુ

અમદાવાદ,

અમદાવાદના એરપોર્ટમાં એરસ્ટ્રીપની બાજુમાંથી રમકડાંનું ડ્રોન મળી આવ્યુ છે. એરપોર્ટ વિસ્તારમાં સુરક્ષામાં ચૂક સમાન આ ડ્રોન જોવા મળ્યુ છે. CISF અને પોલીસ દ્વારા આ મામલે તપાસ શરુ કરવામાં આવી છે કે, આ ડ્રોન ક્યાંથી અહીં આવી પહોંચ્યુ છે. ડ્રોનને લઈ સુરક્ષા એજન્સીઓમાં દોડધામ મચી ગઈ હતી.

અમદાવાદ શહેરમાં એરપોર્ટ વિસ્તારમાંથી રમકડાંનું ડ્રોન મળી આવ્યું છે. એર સ્ટ્રીપ નજીકથી જ ડ્રોન મળી આવવાને લઈ સુરક્ષા એજન્સીઓમાં દોડધામ મચી ગઈ હતી. ડ્રોન મળી આવવાને લઈ સુરક્ષામાં ગંભીર બેદરકારી હોવાને લઈ સવાલો થઈ રહ્યો છે. ગંભીર ઘટનાને લઈ હવે સુરક્ષા એજન્સીઓએ તપાસ શરુ કરી છે.CISF અને પોલીસે ડ્રોનના સંદર્ભમાં તપાસ શરુ કરવામાં આવી છે. એરપોર્ટ કેમ્પસમાં ડ્રોન ક્યાંથી અને કેવી રીતે અહીં પહોંચ્યુ એ તમામ વિગતોને લઈ તપાસ શરુ કરવામાં આવી છે. સીસીટીવી સહિતના ફૂટેજ પણ તપાસવાનું શરુ કરવામાં આવ્યુ છે. જોકે આ ડ્રોન છેક એર સ્ટ્રીપ સુધી પહોંચ્યુ એ વાતે હવે સુરક્ષા એજન્સીઓમાં દોડધામ મચાવી મુકી છે.

# રાજ્યના ૨૯ જિલ્લામાં પાંચ લાખથી વધુ બાળકો કુપોષિત

ગાંધીનગર,

વિકસિત ગુજરાતની વાતો વચ્ચે કુપોષિત બાળકોના ચિંતાજનક આંકડા સામે આવ્યા છે. ગુજરાતના ૩૩ જિલ્લામાંથી ૨૯ જિલ્લાના પાંચ લાખ ૨૮ હજાર ૬૫૩ બાળકો કુપોષિત છે, જેમાં દાહોદ જિલ્લામાં સૌથી વધુ કુપોષિત બાળકો નોંધાયા છે. ચાર જિલ્લામાં કુપોષિત બાળકોની સંખ્યામાં વધારો થયો છે.

ગુજરાતમાં પહેલી ફેબ્રુઆરીથી વિધાનસભાનું સત્ર શરુ થયુ છે. ત્યારે આજે ગૃહમાં ગુજરાતમાં કુપોષિત બાળકો અંગેના આંકડા વિશે સવાલ કરવામાં આવ્યો હતો. જેના જવાબમાં મહિલા અને બાળ કલ્યાણ વિકાસ મંત્રી ભાનુબેન બાબરિયાએ લેખિત જવાબ રજૂ કર્યો હતો. આ રજૂ કરાયેલા આંકડા ચોંકાવનારા છે. ગુજરાતના ૩૩ જિલ્લામાંથી ૨૯ જિલ્લાના ૫ લાખ ૨૮ હજાર ૬૫૩ બાળકો કુપોષિત છે. જેમાંથી અતિ ઓછા વજનવાળા એક લાખ ૧૮ હજાર ૧૦૪ કુપોષિત બાળકો છે.

રાજ્યમાં સૌથી વધુ ૫૧ હજાર ૩૨૧ કુપોષિત બાળકો દાહોદમાં નોંધાયા છે જ્યારે નવસારીમાં ૧૫૪૮ કુપોષિત બાળકો નોંધાયા છે જે રાજ્યમાં સૌથી ઓછા નોંધાયા છે. રાજ્યના ચાર જિલ્લામાં કુપોષણના ૧૬૦૬૯ બાળકો વધ્યા છે. આ ઉપરાંત અમદાવાદમાં ૩૫૧૬ કુપોષિત બાળકોનો વધારો થયો છે. ગૃહમાં રજૂ કરાયેલા આંકડાઓમાં ૨૯ જિલ્લામાંથી ૨૪ જિલ્લામાં કુપોષણના દરમાં સુધારો જોવા મળ્યો છે, જેમાં રાજ્યમાં ૯૭ હજાર ૮૪૦ બાળકો કુપોષણમાંથી બહાર આવ્યા છે. ઉલ્લેખનીય છે કે મહિલા અને બાળ કલ્યાણ વિકાસ મંત્રી ભાનુબેન બાબરિયાએ વિધાનસભા ગૃહમાં લેખિત જવાબ આપ્યો છે.

## માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં શિક્ષકોની ૧૩૦૧૩ જગ્યા ખાલી

અમદાવાદ,

વિધાનસભા સત્ર ચાલી રહ્યું છે, જેમાં વિપક્ષ દ્વારા સરકારને વિવિધ સવાલો પણ કરવામાં આવી રહ્યાં છે. જેમાં મહત્વપૂર્ણ વિગતો ધ્યાને આવી કે, સરકારી અને બિનસરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં શિક્ષકોની ૧૩૦૧૩ જગ્યા ખાલી છે. વિધાનસભામાં કોંગ્રેસ પક્ષના નેતા અમિત ચાવડાના પ્રશ્ન પર સરકારે જવાબ આપ્યો હતો કે, સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં ૨૩૪૪ શિક્ષકોની જગ્યાઓ ખાલી છેબિન સરકારી અનુદાનીત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં ૧૦,૬૬૯ શિક્ષકોની જગ્યાઓ ખાલી છે. સરકારી માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળામાં ૬૭૧ જ્ઞાન સહાયકોની ભરતી કરી છે. જ્યારે બિન સરકારી અનુદાનીત માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળામાં પ્રથમ તબક્કાની ૩૪૬૯ જ્ઞાન સહાયકોની ભરતી કરાઈ છે. વધુમાં કહ્યું કે, બીજા તબક્કામાં જ્ઞાન સહાયકોની ૩૦૭૧ જગ્યાઓ માટે ભરતી પૂર્ણ કરાઈ છે. ધારાસભ્ય હેમંત ખવાના સવાલ પર સરકારે ગ્રંથપાલની ખાલી જગ્યા અંગેનો જવાબ આપ્યો હતો કે, રાજ્યની સરકારી શાળાઓમા ગ્રંથપાલની ૧૬ જગ્યાઓ ખાલી છે. ૬ જગ્યાઓ સરકારી શાળાઓમા ગ્રંથપાલની ભરાયેલ હોવાનો પણ જણાવ્યું હતું.

### જામગરના બોરવેલમાં બે વર્ષનો બાળક ફસાયો હતો

# બાળકને ૯ કલાકની જહેમત બાદ સુરક્ષિત કઢાયો બહાર

### વિવિધ ટીમોની મહેનતને કારણે મોડી રાત્રે સવા ત્રણ કલાકની આસપાસ બાળકને બોરવેલમાંથી બહાર કાઢવામાં આવ્યો હતો



જામનગર,

લાલપુરના ગોવાણામાં બે વર્ષનું બાળક બોરવેલમાં ફસાઇ ગયુ હતુ. જોકે, આ માસૂમને વિવિધ ટીમોની ૯ કલાકની જહેમત બાદ બચાવી લેવામાં આવ્યો છે. બાળકને સુરક્ષિત બહાર કાઢવામાં આવતા પરિવાર અને તંત્રએ રાહતનો શ્વાસ લીધો છે.

બોરવેલમાંથી બાળકને બહાર કાઢતા તેને તાત્કાલિક સારવાર માટે જી.જી. હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. જ્યાં હાલ તેની સારવાર ચાલી રહી છે. ૬ ફેબ્રુઆરીના રોજ જામનગરના લાલપુરના ગોવાણા ગામમાં સાંજના ૬ કલાકે બાળક બોરવેલમાં પડી ગયો હતો. જેના રડવાનો અવાજ આવતા જ આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા. જે બાદ આ અંગેની જાણ તંત્રને કરાતા તાત્કાલિક દ્ર્ઢ્ઈહ્ણ અને રોબોટની પણ મદદ લેવામાં આવી હતી. તો ૧૦થી ૧૩ ફૂટે ફસાયેલા બાળકને ઓક્સિજન પણ અપાયો હતો. વિવિધ ટીમોની મહેનતને કારણે મોડી રાત્રે સવા ત્રણ કલાકની આસપાસ બાળકને બોરવેલમાંથી બહાર કાઢવામાં આવ્યો હતો. નવ કલાક ચાલેલા આ ઓપરેશન જિંદગી બાદ સમગ્ર ટીમને સફળતા મળતા તેમણે પણ રાહતનો શ્વાસ લીધો હતો. ૨ વર્ષનો બાળક રાજના માતા-પિતા મધ્યપ્રદેશના વતની હોવાનું હાલ જાણવા મળ્યું છે. જામનગર ફાયર બ્રિગેડ ટીમ અને રિલાયન્સ ફાયર બ્રિગેડ સહિત વહિવટી તેમજ ૧૦૮ની સમગ્ર મામલે પ્રસંશનીય કામગીરી જોવા મળી હતી. ગઈકાલે સાંજે એક અંદાજ પ્રમાણે ૧૨ ફૂટે બાળક ફસાયું હોવાની પ્રાથમિક માહિતી મળી હતી. બોરમાં પડી જવાનાં કારણે બાળક સતત રડી રહ્યું હતુ. બાળકને ઓક્સિજન આપવામાં આવી રહ્યો હોવાની માહિતી પણ આપવામાં આવી રહી હતી. વાડી વિસ્તારમાં ખુલ્લા બોરમાં બાળક પડી ગયું હતું.

## ખેર ગામે ધોવાણ અટકાવવા રૂ.૮૧૧ લાખથી વધુના ખર્ચે દીવાલ બનાવાઈ

રાજુલા,

વિધાનસભા ગૃહમાં રાજુલાના ધારાસભ્યએ દરિયાઈ પાણીથી થતા નુકસાન અંગે મંત્રીને પૂછેલા પ્રશ્નના જવાબમાં જળસંપત્તિ રાજ્યમંત્રી મુકેશ પટેલે જણાવ્યુ હતુ કે દરિયાઈ પાણીથી થતુ ધોવાણ અટકાવવા માટેની આ યોજના હેઠળ રૂ.૮૧૧ લાખથી વધુના ખર્ચે બનાવાઈ દીવાલ બનાવવામાં આવી છે.

વિધાનસભા ગૃહમાં રાજુલાના ધારાસભ્ય દ્વારા દરિયાઈ પાણીથી થતા નુકસાન અટકાવવા તૈયાર કરાયેલી દીવાલ અંગે જળ સંપત્તિ મંત્રીશ્રીને પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો. જેનો પ્રત્યુત્તર આપતા જળ સંપતિ રાજ્યમંત્રી મુકેશ પટેલે જણાવ્યું હતું કે, દરિયાઈ પાણીથી થતા ધોવાણ અને નુકસાનને અટકાવવા માટેની આ યોજના હેઠળ સેન્ટ્રલ વોટર એન્ડ પાવર રિસર્ચ સ્ટેશન-પુને દ્વારા તૈયાર કરાયેલી ડિઝાઈન મુજબ મુખ્યત્વે ૧૦ થી ૬૦૦ કિલોગ્રામ વજનના રબલ સ્ટોન પર આર્મર લેયર તરીકે ૧ ટન વજનના કોક્રીટ ટેટ્રાપોડ્સને ઈન્ટરલોકિંગ કરવામાં આવે છે. આર્મરલેયર તરીકે કોક્રીટ ટેટ્રાપોડ્સનો ઉપયોગ કરવાથી વધુ સારું ઈન્ટરલોકિંગ તેમજ સસ્ટેનેબિલિટી વધુ મળવાથી દરિયાઈ ધોવાણ અટકાવી શકાય છે.

## અમદાવાદ શહેરમાં ફરી એકવાર રોગચાળાએ માથું

અમદાવાદ,

અમદાવાદ શહેરમાં છેલ્લા દિવસોથી બાઈક પર જવું ભારે પડી રહ્યું છે. કારણ છે મોલો મસીનો પ્રમાણ બહુ છે. રસ્તા પર મોટી સંખ્યામાં મોલો મસી જીવાત જોવા મળી રહી છે. જે શહેરીજનો માટે માથાનો દુખાવો બની ગયો છે. ત્યારે તંત્ર દ્વારા પણ ફોગિંગની કાર્યવાહી કરવામાં આવી રહી છે. તો બીજી તરફ શહેરમાં રોગચાળામાં પણ વધારો થયો છે

અમદાવાદ શહેરમાં ફરી એકવાર રોગચાળાએ માથું ઉચક્યું છે. જાન્યુઆરી માસમાં ઝાડા ઉલટીના ૩૧૭ કેસ નોંધાયા હતા. જ્યારે કમળાના ૧૧૧ ટાઈફોઈડના ૨૦૩ કેસ, કોલેરાના ૭ કેસ સામે આવ્યા. જાન્યુઆરી માસમાં લાંભા, વટવા, વસ્ત્રાલમાં કોલેરાના કેસ વધુ નોંધાયા. અત્રે જણાવીએ કે શહેરમાં મચ્છજન્ય કેસ વધારો જોવા મળ્યો છે. સાદા મેલેરિયાના ૧૦ કેસ, ઝેરી મેલેરિયાના ૬ કેસ, ડેન્ગ્યુના ૪૭ કેસ નોંધાયા છે. કોર્પોરેશન દ્વારા ૩૭૧૨ જેટલા સેમ્પલ લેવામાં આવ્યા છે જેમાંથી ૪૧ જેટલા સેમ્પલ અનફિટ સાબિત થયા છે.અમદાવાદ શહેરમાં ઉડતી મસીનું પ્રમાણ વધ્યું છે, ત્યારે AMC આરોગ્ય વિભાગને મસીની મોટી સંખ્યામાં ફરિયાદ મળી છે. મસીની ફરિયાદ મળતા ૭ ઝોનમાં ફોગિંગની કાર્યવાહી હાથ ધરી છે. ૭૫ હેડ ઓપરેટિવ મશીનથી ફોગિંગની કામગીરી ધમધોકાર શરૂ કરાઈ છે.

Publisher, Printer and Owner : VIJYABEN VANRAJSINH SISIDIYA • Printed at : Dharti Printers,
C/3, Shankar Chambers (Basement), Nr. H. K. Huose, Opp. Mrudul Tower, Ashram Road, Ahmedabad and published from Junagadh
C-3, 2nd Floor, City Point Complex, Opp. New Collector Office,Meeranagar Main Road, Junagadh-362001 (Gujarat) • Editor : Vijyaben V. Sisodiya